# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૬૭ તા.૬-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ તથા મદદનીશ શિક્ષકોને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા આગામી પાંચ વર્ષે એટલે કે ૨ ઓકટોબર-૨૦૧૯ સ્વચ્છ ભારત ઝુંબેશ પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

તા.૧ સપ્ટેમ્બર-૨૦૧૬ થી ૧૫ સપ્ટેમ્બર-૨૦૧૬ સુધીનાં પખવાડીયા માટે સફાઈ ઝુંબેશ માટે શાળાના શિક્ષકોશ્રીઓએ નીચે જણાવ્યા મુજબની પ્રવૃત્તિઓ કરવાની રહેશે.

૧. શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ કેળવવા માટે બાળકોનાં વાલીઓ સાથે મીટીંગ કરવાની રહેશે.

૨. શાળાના શૌચાલયોનું નિરીક્ષણ કરવું તથા તેને અદ્યતન બનાવવા માટેનું જરૂરી આયોજન કરવું.

૩. શાળાના શૌચાલયોની સફાઈ કરાવવી અને આ બાબતે સજાવતા પૂર્ણ પ્રયત્નો કરવાનાં રહેશે.

૪. સ્વચ્છતા અંગે નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

૫. શાળા સ્વચ્છતા અંગેના બેનરો લગાવવા તથા વિદ્યાર્થીઓ સાથે સ્વચ્છતા અંગેની ચર્ચા કરવી.

૬. શાળાના ચાલુ તથા જુના રેકર્ડની નિયમ મુજબની જાળવણી કરવી.

૭. શાળાનાં તૂટેલા ફર્નીચર, બિનવપરાશી સાધનો તથા અન્ય ભંગારનો શાળામાં નિકાલ કરવો.

૮. શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગેનાં પ્રોત્સાહન માટે ઓડિયો વિઝ્યુઅલ પ્રોગ્રામ રાખવા.

૯. જાહેર સ્થળોની સાફસફાઈ માટે વિદ્યાર્થીઓને સ્થાનિક લોકોની મદદથી પ્રોત્સાહિત કરવા.

ઉપરોકત વિગતો ઉપરાંત સામેલ માનવ સંસાધન મંત્રાલયનાં પત્રમાં જણાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે. તા.૧૭-૯-૧૬(દિન-૨) સુધી ફોટા સાથેનો અહેવાલ બીટનિરીક્ષકને મોકલી આપશો. અહેવાલના સારા ફોટા ઈ.મેઈલ એડ્રેસ sanklan.dpe.guj@gmail.com ઉપર અપલોડ કરવાના રહેશે. નિરીક્ષકશ્રીઓએ તમામ અહેવાલ મુખ્યઓફિસે તા.૧૭-૯-૧૬ સુધી મોકલી આપવાનાં રહેશે.

તા.૬-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૬૮ તા.૬-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- Mission Statement (ધ્યેય નિવેદન) of School**

**સંદર્ભ :- SSA/tt/16/3245-582 તા.૨૬-૮-૧૬**

**શિક્ષણ વિભાગ સશઅ ૨૦૧૬ જીઓઆઈ-૪૦૪૧ ન સચિવાલય, ગાંધીનગર તા.૨૭-૭-૧૬**

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાત રાજયના શિક્ષણ વિભાયના સંદર્ભિત પત્રોમાં જણાવ્યા અનુસાર માનનીય પ્રધાનમંત્રીશ્રીની મળેલ સૂચના પ્રમાણે વર્ષ ૨૦૨૨માં આઝાદીનાં ૭૫ વર્ષ પુરા થતાં હોવાથી દરેક શાળાએ ૨૦૨૨ સુધીનું શાળાનું મિશન સ્ટેટમેન્ટ બનાવવાનું છે. જે માટેની વિસ્તૃત સમજૂતિ સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રીઓને આપેલ છે.

મિશન સ્ટેટમેન્ટ બનાવતાં પહેલાં નીચેની બાબતોને અનુસરવાનું રહેશે.

૧. શાળાનાં મુખ્ય શિક્ષકે શાળાના વિદ્યાર્થીઓ પાસે ધ્યેય નિવેદન બનાવવાનું રહેશે.
   - શાળા ધ્યેય નિવેદન બનાવવા પ્રતિયોગિતા કરી શકે.
   - ધ્યેય નિવેદન બનાવવા વિદ્યાર્થીઓ નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવી.
     - સહેલું હોવું જોઈએ.
     - શાળા સમાજના આદર્શો બનાવે.
     - તેની ભાષા એવી હોવી જોઈએ જે બધાને સમજાય
     - તે લાંબુ ના હોવું જોઈએ.

૨. શાળામાં વિદ્યાર્થીઓએ ધ્યેય નિવેદન બનાવી તમામ બાળકો સહેલાઈથી જોઈ શકે તે રીતે લગાવવું.

૩. ધ્યેય નિવેદન બન્યા પછી તેનો ચાર્ટ, ચિત્રો પ્રાર્થના સભામાં જાહેર કરવું.

૪. ધ્યેય મળ્યાથી તેનું લક્ષ્ય વર્ષ ૨૦૨૨ સુધીનું રાખવું.

૫. ધ્યેય નિવેદન બન્યા પછી શાળાના વાલીઓ અને શિક્ષકો સાથે ચર્ચા કરવી.

૬. ધ્યેય નિવેદન બન્યા પછી ચર્ચાના અંતે એસ.એમ.સી.માં ચર્ચા કરવી અને સર્વ સામાન્ય નિર્ણયનો ઠરાવ કરવાનો રહેશે.

૭. ધ્યેય નિવેદનને જાહેરમાં સૌ કોઈ જોઈ શકે તે રીતે લખવું.

૮. ધ્યેય નિવેદનને શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય અને ન્યુપા ન્યુ દિલ્હી ખાતે મોકલી આપવામાં આવનાર છે તો Times New Roman માં size-12 માં ૧૫-૯-૧૬ સુધીમાં adpcamc@gmil.com પર મોકલી આપવાનું રહેશે.

તા.૬-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૬૯ તા.૬-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વિજ્ઞાન અને ગણિત માં રચનાત્મકતા અને આવિષ્કારિતાને પ્રોત્સાહિત કરવા માટે NCF-2005 માં પ્રવૃત્તિઓ, પ્રયોગો અને તકનીકી મોડયુલ્સને મહત્વ આપવામાં આવેલ છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) દર વર્ષે વિદ્યાથીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોમાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ શિક્ષણની લોક પ્રિયતા વધારવા માટે જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન આયોજન કરે છે. અગાઉના વર્ષની માફક આ વર્ષ ૨૦૧૬-૧૭માં પણ સી.આર.સી અને શહેર કક્ષાએ ગણિત,વિજ્ઞાન પ્રદર્શન યોજાશે.

રાજ્ય કક્ષાના વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન માટે પસંદ કરવામાં આવેલ મુખ્ય વિષયઃ-

**રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિત**

( Science, Technology & Mathemetics For Nation Building )

જે અંતર્ગત પાંચ પેટા વિભાગો આપવામાં આવે છે.

(૧) સ્વાસ્થ

(૨) ઉદ્યોગો

(૩) વાહન વ્યવહાર / પરિવહન અને પ્રત્યાયન

(૪) પર્યાવરણના ટકાઉપણા માટે પુનઃ પ્રાપ્ય સંશાધનોમાં નવીનીકરણ

(૫) A - ખાદ્ય ઉત્પાદન અને ખાદ્ય સુરક્ષા માટે નવીનીકરણ

B - રોજિંદા જીવનમાં ગાણિતિક ઉપાયો.

દરેક અપર પ્રાથમિક શાળા એ ફરજિયાત આ પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે. ઇન્સ્પાયર એવોર્ડ મેળવેલ બાળકોએ ફરજિયાત ભાગીદારી નોંધાવવાની રહેશે.

આ સાથે સામેલ માર્ગદર્શકા નો અભ્યાસ કરી તમામ વિભાગોમાં શાળા ભાગ લઇ સારામાં સારું પ્રદર્શન કરે તે આપણા સૌની ફરજ છે.

સી.આર.સી કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તારીખઃ- ૧૭/૯/૨૦૧૬ ને સવારે ૯:૦૦ થી ૧:૦૦ દરમ્યાન સી.આર.સી કો-ઓર્ડિનેટરએ નક્કી કરેલ શાળામાં યોજવામાં આવશે.

કૃતિ ગોઠવવાનો સમય સવારે ૮:૦૦ થી ૯:૦૦ કલાક સુધી.

તા.૬-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી